ક્રમાંક:જીઆઇડીસી/ / /
પોસ્ટ-વિતરણ/પોલિસી/૨૭
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા- ૧૧.૧૨.૨૦૨૫

// પરિપત્ર //

વિષય : ઔધોગિક પ્લોટ/શેડ,વાણિજય પ્લોટ અને રહેણાંક મિલકતોમાં પેટાભાડાની ફી વસુલ મેળવવા અંગેની નીતિ અમલમાં મૂકવા બાબત

સંદર્ભ : પેટાભાડેના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/૫૧૭/૫૦-સરક/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૪, તા. ૧૯/૦૬/૨૦૨૩.

નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ પ્લોટ/શેડની મિલકતોને પેટાભાડે આપવા અંગે સમયાંતરે પેટાભાડાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ. રાજયના વિવિધ ઔધોગિક વસાહતો ખાતેના ઉદ્યોગકારો વતી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ એફઆઈએ દ્વારા નિગમ દ્વારા વસુલ મેળવવામાં આવતી પેટાભાડાની ફી માં રાહત આપવા રજૂઆત કરવામાં આવેલ છે. નિગમ દ્વારા તા.૧૯/૦૬/૨૦૨૩ ના પરિપત્રથી કોઇપણ ફાળવણીદાર તેમનો પ્લોટ કે શેડ પેટાભાડે(સબલેટ) કરવા માટે નિગમની પુર્વ મંજુરી મેળવવા માટે અરજી કરે તો તે તમામ કિસ્સામાં નિગમ દ્વારા પ્રતિ વર્ષ ૧% લેખે પેટાભાડાની (સબલેટ) ફી વસુલવાની કાયમી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે તેમજ ફાળવણીદાર દ્વારા પેટાભાડા માટે કોઇ પણ અરજી કરી મંજુરી ન મેળવવામાં આવેલ હોય અને તબદીલીની કે અન્ય કોઇ પણ પ્રકારની અરજી સમયે અનધિકૃત પેટા ભાડે આપ્યાનું ફલિત થાય તો પ્રતિ વર્ષ ૬% લેખે પેટાભાડાની ફી ની વસૂલાત કરવાની જોગવાઇ નિયત કરવામાં આવેલ.

જે સંદર્ભમાં વિવિધ વસાહત મંડળો તેમજ ફાળવણીદારો તરફથી પેટાભાડાની પુર્વમંજુરી બાબતે પ્રમાણમાં મળતી ઓછી અરજીઓ તેમજ પેટાભાડાની ફી ના દરમાં રાહત મેળવવા બાબતે કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતાં, હવેથી નિગમની તા.૧૯/૦૬/૨૦૨૩ ની અન્ય જોગવાઇઓ યથાવત રાખવા સાથે ફક્ત શરત નં.૧૩ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે જે અનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

- <u>શરત નં.૧૩ :-</u> "ફાળવણીદાર દ્વારા પેટાભાડા માટે કોઇ પણ અરજી કરી મંજુરી ન મેળવવામાં આવેલ હોય અને તબદીલીની કે અન્ય કોઇ પણ પ્રકારની અરજી સમયે અનધિકૃત પેટા ભાડે આપ્યાનું ફલિત થાય તો પ્રતિ વર્ષ ૩% લેખે પેટાભાડાની ફી ની વસૂલાત કરવાની રહેશે."

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો. સદર નીતિ જારી થયા પહેલાં જે આખરી હુકમો થયેલા હોય તેવા કિસ્સાઓને પુન: ઉખેડવાના રહેશે નહિ..

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. જનરલ મેનેજરશ્રી ગ્રેડ-૧ (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યું,

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)